રાજય ચૂંટણી આયોગ,
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૯–૧–૨૦૧૯

–: **અખબારી યાદી** :–

**મહાનગરપાલિકા/નગરપાલિકા પેટા ચૂંટણીની મતગણતરી અને તેનું પરિણામ**

રાજય ચૂંટણી આયોગે રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૩ ની એક બેઠકની અને રાજયની ૧૦ નગરપાલિકાઓની પ્રસંગોપાત ખાલી પડેલ કુલ ૧૧ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૭–૧–૨૦૧૯ના રોજ યોજવા તા.૩૧–૧૨–૨૦૧૮ના રોજ કાર્યક્રમ જારી કરેલ હતો.

પેટા ચૂંટણી હેઠળની નગરપાલિકાઓ પૈકી ધાંગ્રધા નગરપાલિકાના વોર્ડ નં.૧ તથા વડનગર નગરપાલિકાના વોર્ડ નં.૭ માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર બિન હરીફ થયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૩ ની એક બેઠકની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના –૧, અપક્ષના– ૫, એમ મળી કુલ ૬ ઉમેદવારો હરીફાઈમાં રહેલ હતાં.

૮ નગરપાલિકાઓની બાકી રહેતી ૯ બેઠકોની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના –૯, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના –૭, અપક્ષના ૭ તથા અન્ય પક્ષના –૨ એમ મળી કુલ ૨૫ ઉમેદવારો હરીફાઈમાં રહેલ હતાં.

મહાનગરપાલિકા/નગરપાલિકાની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીની મતગણતરી આજ રોજ કરવામાં આવેલ છે.

ચૂંટણી અધિકારીશ્રીના અહેવાલ અનુસાર રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૩ની એક બેઠક ભારતીય જનતા પાર્ટીને મળેલ છે.

સંલગ્ન ચૂંટણી અધિકારીશ્રીઓના અહેવાલો અનુસાર પેટા ચૂંટણી હેઠળની ૮ નગરપાલિકાઓની ૯ બેઠકો પર ચૂંટણી યોજવામાં આવેલ. જે પૈકી ભારતીય જનતા પાર્ટીને ૭ બેઠકો, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને ૨ બેઠકો મળેલ છે.

મતગણતરીની પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂરી થયેલ છે.

મતગણતરીની વિગતો રાજય ચૂંટણી આયોગની વેબસાઈટ www.sec.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

**ક્રમાંકઃ રાચઆ–ચટણ–સ્થા.સ્વ.૧૩–૧૨૦૧૯–ક**

(એફ.આઈ.શેખ)
**નાયબ ચૂંટણી કમિશ્નર**
**રાજય ચૂંટણી આયોગ**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**માહિતી કમિશ્નરશ્રી,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**
**આ અખબાર યાદી જુદા જુદા વર્તમાનપત્રોમાં વિનામૂલ્યે પ્રસિધ્ધ થાય તે જોવા વિનંતી સહ**
**નકલ રવાના :–**
**રાજય ચૂંટણી આયોગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ**

## ૧૦–નગરપાલિકાઓની તા.૨૭–૦૧–૨૦૧૯ ના રોજ યોજાયેલ પેટા ચૂંટણીના તા.૨૯–૦૧–૨૦૧૯ ના રોજ જાહેર થયેલ પરિણામની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | નગરપાલિકાનું નામ | કુલ વોર્ડ | કુલ બેઠકો | ચૂંટાયેલા ઉમેદવારોની વિગત | | | | | | | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભા.જ.પ. | ભા.રા.કો. | બ.સ.પા. | એન.સી.પી. | સી.પી.આઈ. | સી.પી.આઈ (એમ) | સમાજવાદી પાર્ટી | જનતાદળ (યુ.) | અન્ય પક્ષ | અપક્ષ | કુલ | |
| ૧ | ધ્રાંગધ્રા | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | બીનહરિફ |
| ૨ | વડનગર | ૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | બીનહરિફ |
| ૩ | રાજપીપળા | ૫ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૪ | પાલીતાણા | ૩ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૫ | વાંકાનેર | ૬ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૬ | સુત્રાપાડા | ૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| . | સુત્રાપાડા | ૬ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૭ | ગાંધીધામ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૮ | નડીયાદ | ૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૯ | ઠાસરા | ૬ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| ૧૦ | સિદ્ધપુર | ૭ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |
| | કુલ | | ૧૧ | ૯ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | |

## રાજકોટ મહાનગરપાલિકાઓની તા.૨૭–૦૧–૨૦૧૯ ના રોજ યોજાયેલ પેટા ચૂંટણી ના તા.૨૯–૦૧–૨૦૧૯ ના રોજ જાહેર થયેલ પરિણામની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | મહાનગરપાલિકાનું નામ | વોર્ડ નંબર | કુલ બેઠકો | ચૂંટાયેલા ઉમેદવારોની વિગત | | | | | | | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ભા.જ.પ. | ભા.રા.કો. | બ.સ.પા. | એન.સી.પી. | સી.પી.આઈ. | સી.પી.આઈ (એમ) | સમાજવાદી પાર્ટી | જનતાદળ (યુ.) | અન્ય પક્ષ | અપક્ષ | કુલ | |
| ૧ | રાજકોટ | ૧૩ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | |